## Recitation of Ana(n)t Akhā*do* over 40 days

### Day 15

આશાજી જુગ પરમાણે પંથ રચાયા, ભેદ કેણે કેણે પાયાજી;
ભેદ છોડી જે જીવ અભેદે ચાલે, તે જીવ પડશે જંજાળ.
હરી૦ (૧૭૬)

આશાજી હીંદુ મુસલમાન શાહજીના જીવડા, કેની ભ્રાંત ન કાઢોજી;
સહુ જીવ મલશે શાહજીને પાસે, લેખા લેશે નારાયણ. હરી. (૧૭૭)

આશાજી મસીત માંહે જઇ બાંગજ દેશે, ઉન્કે દીલમાંહે એસાજી;
રસુલ વિના જો નીમાઝ ગુજારે, તે વેલા હોસે અંધેરા. હરી. (૧૭૮)

આશાજી કલમા પડે ને દીન પુકારે, દીલમાંહે નહી હે શામીજી;
દીલ પાકે જો કલમા પડશે, હોશે તે સરગ દુઆર. હરી. (૧૭૯)

આશાજી હીન્દુ મુસલમાન સરવે એકઠા, તે રૂપ કર્યાં નારાયણજી;
સહુ કોઇ યાં એસા જાણે, પણ ઓળખ્યા વિના અંધારા.
હરી૦ (૧૮૦)

આશાજી હીંદુ હોઇને પત્થર પુજે, તીસ માંહે નહી હે શામીજી;
ઈમાન સરીખું કોઇ નહી જાણો, રાખો દુરસ્ત ઇમાન. હરી. (૧૮૧)

આશાજી પત્થર ઉપર હીન્દુ પુજે, તે માંહે નહી હે શામીજી;
સતપંથ માંહે જો ઈમાન લાવો, તો પોહોંચે સરગ દુઆર. હરી. (૧૮૨)

## Day 15 (continued)

આશાજી જાહેર ઉત્તમ એ પંથ ઉપના, નરને જે નહી જાણેજી;
સોહી જીવ જંજાલે પડશે, સોહી જીવ પત્થર તોલ. હરી. (૧૮૩)

આશાજી મારગ વસમો વાટજ હોએલી, તીસમાંહે મુનીવર ચાલોજી;
ખરા મારગમાંહે ખરાજ ચાલો, તો પોહોંચો દેવ દુઆર. હરી. (૧૮૪)

આશાજી હેત કરી એ પંથજ કીધા, તે પંથે પંથ સમાણાજી;
ચઉદ ભમણુકી રચના કીધી, તેને તો કોઇ નવ જાણે. હરી. (૧૮૫)

આશાજી નજર નીરમલ નરજીએ કીધી, તે નરજીએ નજર કીઆજી;
ખેલ તમારા કોઇ નવ જાણે, જો કરીએ સો હોઈ. હરી૦ (૧૮૬)

આશાજી ઉપત ખપતકી નજરજ કરના, એબી ખેલ તમારાજી;
સરવે રચના તેરે નજરે હુઇ, હમ બી તેરા દાસ. હરી૦ (૧૮૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)